R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 18 DATE: 04-05-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## વિકિલિક્સના સહસ્થાપક અસાંજેને જાતીય સતામણીના કેસામં ૫૦ અઠવાડિયાની જેલઃ જામીનના નિયમોનું ઉલ્લંઘન કર્યાનો આક્ષેપ પુરવાર થતાં સજા

વિકિલિક્સના સહસ્થાપક અસાંજેને ૫૦ અઠવાડિયાની જેલની સજા કરાઇ હતી.તેમના પર જામીન નિયમોના ઉલ્લંઘનના આક્ષેપ હતા. કેસમાં દોષિત ઠરતાં લંડન ખાતેની વેસ્ટમિનિસ્ટર મેજીસ્ટ્રેટ કોર્ટે સજા સંભળાવી હતી. ગયા મહિને ૧૧ એપ્રિલ ના રોજ અસાંજેની બ્રિટનના ઈક્વાડોર દુતાવાસમાંથી ધરપકડ કરાઈ હતી.જાતીય સતામણીના આરોપોને મુદ્દે સ્વીડીશ પ્રત્યાર્પણથી બચવા અસાંજે ૨૦૧૨થી લંડન ખાતેના ઈક્વાડોરના દુતાવાસમાં શરણ લીધું હતું.અસાંજેએ સ્વીડન દ્વારા મુકવામાં આવેલા આક્ષેપોને ફગાવી દીધા હતા.કોર્ટેને લખેલા પત્રમાં અસાંજેએ કહ્યુ હતું કે પોતે કઠોર પરિસ્થિતિમાંથી પસાર થઈ ચુક્યા છે.જાણે અજાણે પોતે જે લોકોનું અપમાન કર્યુ હોય તેમની માંફી માંગી હતી.

વેસ્ટ મીનિસ્ટરની કોર્ટે અસાંજેને જામીનની શરતોના ભંગ બદલ દોષિત ઠેરવ્યા હતા. જો કે સ્વીડને તેમની વિરુધ્ધ જાતીય સતામણીના આરોપ લગાવ્યા હતા.

## યુપીએ શાસનમાં સંખ્યાબંધ સર્જીકલ સ્ટ્રાઇક કરાઇ હતીઃ અમે સેનાના ઓપરેશનનો ઢંઢેરો પીટ્યો નથી : ડો.મનમોહનસિંહ

પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે એક અખબારી મુલાકાતમાં ભાજપ સરકાર પર પ્રહાર કરતાં જણાવ્યુ હતું કે કોગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારના શાસનમાં પણ ભારતીય શસત્ર દળોને છુટો દોર આપવામાં આવ્યો હતો.સેનાના ઓપરેશનનો ઉપયોગ કરી રાજકીય લાભ લેવાના ભાજપના પ્રયાસો અસ્વીકાર્ય અને શરમજનક છે.બીજી તરફ કોગ્રેસના નેતા રાજીવ શુકલાએ કહ્યુ કે યુપીએના સમયગાળામાં છ સર્જીકલ સ્ટ્રાઈક થઈ હતી.



મનમોહનસિંહે જણાવ્યુ હતું કે મારા વડા પ્રધાન તરીકેના કાર્યકાળમાં પણ સેના દ્વારા સંખ્યાબંધ સર્જીકલ સ્ટ્રાઈક કરાઈ હતી. સેનાના ઓપરેશનો વ્યુહાત્મક પ્રભુત્વ માટે અને ભારત વિરોધી પરિબળોને જડબાતોડ જવાબ આપવા માટે હોય છે.સેનાના ઓપરેશન મત મેળવવાની ક્વાયતો હોતી નથી. ભારતના ૭૦ વર્ષના ઈતિહાસમાં કોઈ સરકાર પોતાની નિષ્ફળતાઓ છુપાવવા સેનાના પ્રરાક્રમોની આડમાં સંતાઈ નથી.આર્થિક,રોજગાર, અને ગ્રામીણ સમસ્યાઓના મોરચે મોદી સરકારની નિષ્ફળથાથી ધ્યાન અન્યત્ર દોરવા માટે સેનાના ઓપરેશનનો સહારો લેવામાં આવી રહ્યો છે.રાષ્ટ્રીય સુરક્ષા સાથે બાંધછોડ અસ્વીકાર્ય છે.

મનમોહનસિંહે જણાવ્યુ હતું કે મુંબઈ હુમલાના ૧૪ જ દિવસમાં હાફિઝ સઈદને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા માટે અમે ચીનને તૈયાર કરી દીધો હતો. સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા સમિતિએ મુંબઈ હુમલાના કાવતરાખોર લશ્કર-એ તોયબાના સંખ્યાબંધ આતંકીઓને પ્રતિબંધિત યાદીમાં સામેલ કર્યા હતા.

## ઓરિસ્સામાં ચક્રવાત ત્રાટકશે : ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, તામિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં હાઇએલર્ટ : લાખો લોકોનું સ્થળાંતર

બંગાળની ખાડીમાં હવાના હળવા દબાણમાંથી પ્રચંડ વાવાઝોડાનું સ્વરુપ ધારણ કરી ચુકેલા ચક્રવાત ફની ચાર રાજ્યોમાં કહેર મચાવે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

સરકારે દરિયાકિનારામાં વસતા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની કામગીરી શરુ કરી દીધી છે. લગભગ ૧૧ લાખ જેટલા લોકોનું સ્થળાંતર કરવું પડશે.ચક્રવાત ફનીના કારણે ઓરિસ્સાના દરિયાકિનારાના વિસ્તારોમાં ૨૦૦માઈલની ઝડપે પવનો સાથે ભારે વરસાદ પડશે.

હાલમાં વાવાઝોડું ૩૬૦ કીં.મીની દુરી પર છે.જે કલાકના ૧૬માઈલની ઝડપે ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## અમેરિકામાં એચ-૧બી વિઝા ધારક માટે નવી નોકરીની આશા સેવવી મુશ્કેલ બની રહેશેઃ નવી નોકરીનું પદ વિશેષ કૌશલ્ય ધરાવે છે કે નહી તેની નોધ લેવાશે

અમેરિકન સરકાર દ્વારા એચ-૧બી વિઝા નોકરી ધારકો માટે વધુ કડક નિયમો લાગુ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. અમેરિકામાં એચ-૧બી વિઝાધારકો માટે નોકરી બદલવી હવે મુશ્કેલ બની રહેશે. નવી નોકરીનું સ્વરુપ સમાન હોય કે સમાન કૌશલ્યની જરુરીયાત ધરાવતી હોય તેમ છતાં અમેરિકન ઈમીગ્રેશન સેવા અનેક કિસ્સામાં વિવિધ કારણોસર નવા નોકરીદાતાન અરજીઓ ફગાવી ચુક્યો છે.અરજીને નકારતાં મહદંશે એમ કહેવામાં આવે છે કે નવી નોકરીનું પદ વિશેષ કૌશલ્યની જરુરીયાત નથી ધરાવતું.

આ ઘટનાક્રમને કારણે સૌથી મોટો પડકાર એ ઉભો થશે કે નોકરીની શોધ કરેલી વ્યક્તિ અમેરિકામાં પ્રવેશવા સામેના ત્રણથી દસ વર્ષના પ્રતિબંધ સાથે નોકરી મેળવવાની લાયકાતમાંથી જ બહાર થઈ જશે.ઉષા સગરવાલ ભારતીય નાગરિક છે.અને એચ ૧-બી વિઝા પર અમેરિકામાં વર્ષ ૨૦૧૨થી વસી રહ્યા છે. ૨૦૧૮માં તેમણે નોકરી બદલવાનું વિચાર્યુ તો ઈમીગ્રેશન સત્તાવાળાઓએ નવા નોકરીદાતની અરજી એમ કહીને નકારી કાઢી કે જે પદ અપાવવાનું છે તે માટે ઉચ્ચ કૌશલ્યની આવશ્યકતા નથી.

નવી જોબ માટે એચ-૧બી વિઝા ઈમીગ્રેશન વિભાગે ઈન્કાર કર્યાને મુદ્દે પોતે કોર્ટમાં તે કેસ દાખલ ના કરે ત્યાં સુધી એચ ૧-બીનો દરજ્જો જાળવવા કોર્ટમાં અરજી કરતાં અમેરિકી ફેડરલ કોર્ટે તે બાબતે હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો હતો. કોર્ટે જણાવ્યુ હતું કે તેને કોઈ નોંધપાત્ર આર્થિક નુકશાન થયું હોવાના પુરાવા રજુ કરવામાં ઉષા નિષ્ફળ રહી છે. કોઈ નોધપાત્ર આર્થિક નુકશાન થયું હોય તો જ કોર્ટ હસ્તક્ષેપ કરી શકે.

ફેડરલ કોર્ટે ૧૬ એપ્રીલના રોજ ચુકાદો આપતાં તે બાબત તરફ ધ્યાન દોર્યું હતું કે ઉષાએ જે ટુંકુ સોગંદનામું રજુ કર્યુ હતું. તેમાં તેના પર ભારત પાછા ફરવા દબાણ થશે તો શું વીતશે તે બાબતની વાત કરી છે. કોર્ટે કહ્યુ હતું કે ઉષા તેની પારિવારિક, આવક, તેની વર્તમાન નાણાંકીય સ્થિતિ વગેરે જાહેર કરવામાં નિષ્ફળ ગઈ હતી.

અમેરિકામાં જે ભારતીયો ગ્રીન કાર્ડની રાહ જોતાં બેઠા છે તેમનામાં નોકરી બદલવાની સારી ક્ષમતા રહેલી હોય ચે.ન્યુયોર્ક ખાતેની ઈમીગ્રેશન વકીલ સાયરલ ડી.મહેતા પુરી પ્રક્રિયાને સમજાવતાં કહે છે કે નવા કર્મચારી માટે નોકરીદાતા નવેસરથી એચ ૧બી વિઝા માટે અરજી કરવાની રહે છે.સાથે જે એચ૧-બી સ્ટેટસની મુદત વધારવા પણ રજુઆત કરવાની રહે છે.નવી નોકરીમાં જોડાવા ઈચ્છતા કામદારે અરજી મંજુર થાય ત્યાં સુધી પ્રતિક્ષા કરવાની હોય ચે.બની શકે કે ઈમીગ્રેશન વિભાગ મંજુરી ના પણ આપે.આમ ઈમીગ્રેશન વિભાગ વિવિધ કારણોસર નવા નોકરીદાતાની અરજીઓ ફગાવી ચુક્યો છે.

## લિબીયામાં રહેતા ભારતીયોને ત્રિપોલી છોડી દેવા વિદેશમંત્રીની સલાહ

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે લિબિયામાં વસતા ભારતીયોને ત્રીપોલીમાંથી ૫૦૦થી વધુ ભારતીયોને સ્થળ છોડી દેવા સલાહ આપી છે. ત્રિપોલીમાં લડાઈ ચાલી રહી છે. અને સ્થિતિ કાબુ બહાર છે.હાલમાં ફલાઈટ્સ ચાલી રહી છે.તેમણે ભારતીયોને અપીલ કરી છે કે તેઓ પોતાના સબંધીઓ-મિત્રોને ત્રિપોલી છોડી દેવા માટે કહે કેમકે પછી એ ભારતીયોને ત્રિપોલીમાંથી બહાર લાવી શકશે નહીં.લીબિયાની રાજધાની ત્રિપોલીનો કબજો જમાવવા માટે બે હરિફ જુથો વચ્ચે લોહિયાળ જંગ ચાલી રહ્યો છે.મધ્યપુર્વમાં અનેક દેશોમાં સ્થિતિ અસામાન્ય છે. સીરીયામાં થઈ રહેલા લોહીયાળ જંગની અસરો ચારે કોર વર્તાઈ રહી છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

લોકસભાની ચુંટણીના ચાર તબક્કા પુરા થયા પછી ભારતીય જનતા પાર્ટીને યાદ આવ્યું કે વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી ભારતીય નાગરિક નથી.જે બાબત ચુંટણી પંચે તમામ દસ્તાવેજોને ચકાસીને તેમને નાગરિકતાને પ્રમાણિત કરી હોવા છતાં,તેમજ સુપ્રીમ કોર્ટે પણ સાંસદ સ્વામીના આક્ષેપોને ફગાવી દીધા છતાં તેમજ આ મુદ્દાને વાહિયા ઠેરવ્યો છતાં.સરકારે તેમની સત્તાના ઉપયોગ સાથે ગૃહમંત્રાલય દ્વારા નાગરિકતાના મુદ્દે નોટીસ પાઠવી છે.પોતાના વિરોધીઓને કેવી રીતે યેનકેન પ્રકારે સાણસામાં લેવા તે બાબતે વિશેષ કાળજી ધરાવતી આ સરકાર આવીજ બાબતોને તેમની ટર્મ દરમિયાન પ્રાધાન્ય આપ્યું છે.

શું ખરેખર ભાજપને હારવાનો ડર સતાવી રહ્યો છે ? જો તેમના કહેવા મુજબ તેમણે છેલ્લા પાંચ વર્ષમાં કોગ્રેસે જે સીત્તરે વર્ષમાં નથી કર્યુ તે કરી બતાવ્યું છે તો આવા ખોટા પ્રયોગો કરીને શા માટે રોજ રોજ નીત નવા તાયફાઓ કરીને આબરુના ધજાગરા બોલાવે છે.વાસ્તવમાં ભારતીય જનતા પાર્ટી બેરોજગારી,કિસાન સમસ્યા,મોંઘવારી, ગરીબી,ટેક્સ,નોટબંધી,બેક કૌભાંડો વિગેરેથી ઘેરાઈ ચુકી છે.એટલે મતદારોનું ધ્યાન અન્યત્ર કેન્દ્રીત કરવા માટે આવી નોટંકીનો ઉપયોગ કરી રહ્યું છે.આવું કરવા માટે તેમની પાસે એક વિશિષ્ટ ટીમ છે જેને આવા મતલબના કાર્યો કરવાનો આદેશ છે.

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં રફાલ ડીલ મામલે કડક શબ્દોમાં આલોચના કરી છે અને કહ્યુ છે કે તમે કોર્ટેને ગોળ ગોળ ફેરવો નહીં. સ્પષ્ટપણે રજુઆત કરો કેસને અન્યત્ર ફેરવવાનો કે ઉદેશ્ય બદલવાનો પ્રયત્ન ના કરશો. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે સરકારી ઘોચ પરોણા અને કેસોમાં દબાણ સર્જીને ન્યાય વાળવા માટેના પ્રયત્નો માટે જાહેરમાં ફીટકાર વરસાવી તો તેના પરથી તમારે ધડો લેવો જોઈએ. જે સીત્તરે વર્ષમાં જુની સરકારોએ કર્યું નથી એવું બધું તમે કર્યુ અને સરકારની શાખને કલંક લગાડ્યું છે.રાજકીય પાર્ટીઓની વિચારધારાઓ અલગ અલગ હોઈ શકે છે પરંતુ તે નિષ્કલંક અને પ્રમાણિક હોવી જરુરી છે.રાજકીય સન્માન,સજ્જનતા કયારેય લોપાવી જોઈએ નહીં.જો તમને જ સત્તા મળે તો તેના માટે યોગ્યતા કેળવવી પણ જરુરી છે. માત્ર ટોળાંશાહી કે આપખુદશાહીથી જ બધુ સમુ સુતરે પાર ઉતરતું નથી.

કેટલાંક મુદ્દાઓ માત્રને માત્ર ચુંટણી આધારિત હોય છે.ભાજપે વિપક્ષી નેતાઓ ની સામે કાયદાની ચુંગાલમાં ફસાવી રાખવાનો એક યોજનાબધ્ધ કાર્યક્રમ તૈયાર કરી રાખ્યો હોય તેવું લાગી રહ્યું છે.જેથી તેઓ કાનુની વિવાદમાં ઉલઝેલા રહે અને અહીયાં તેમનુ પત્તું રાજકારણમાંથી કપાઈ જાય તેમ નિશાન તકાય.

કોઈપણ હકીકત કે તેની તપાસ કરવા કે તથ્યો મેળવવા માટે પાંચ વર્ષોનો સમયકાળ પુરતો છે તે દરમિયાન તમામ કાળા કરતુતો કે તપાસો પુરી કરી શકાય અને જો ગુનેગાર હોય તો તેને ગુનેગાર ઠેરવી શકાય. પરંતુ રાજકારણમાંથી તેમને દુર કરીને પોતે સર્વે સર્વા બની જવાની ગલીચ રીતો લાંબો સમય ચાલી શકે નહી.

એકબીજા ઉપર જુઠ્ઠા કેસ દેશમાં જુદે જુદે ઠેકાણે નોધાવીને મીડીયામાં ખોટી પબ્લીસીટી કરાવીને એકબીજા ઉપર જુઠ્ઠા કાદવ ઉછાળવાની રમતથી મતદારોને આર્કષવા માટે કરવામાં આવતા કીમીયા બેહદ શરમજનક છે. કોઈપણ પક્ષ તરફથી કરવામાં આવી ગંદી રાજકીય રીતભાતોથી શું લોકશાહી આબરુ વધી જશે.જેઓ આ જોઈ રહ્યા છે તેમને મન તમારી આબરુ નીચી ઉતરી ગઈ છે.વિવિધ પ્રકારની લાલચો,હિસા અને જબરજસ્તી, હોર્સ ટ્રેડીંગ વિગેરે શર્મનાક બાબતોમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ.આવનારી પેઢીને વારસામાં આપણે આવું આપીશું ?


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ન્યાયતંત્રની આઝાદી ખતરામાં છે : ચીફ જસ્ટીસ સુપ્રીમ કોર્ટે ઓફ ઇન્ડીયા : માન. રંજન ગોગોઇ

ન્યાયતંત્રની સ્વતંત્રતા ખતરામાં છે આ પહેલા સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં પ્રથમ વાર ચાર સીનીયર જજોએ પ્રેસ કોન્ફરન્સ કરીને દેશની જનતા સમક્ષ કહેલું કે સુપ્રીમ કોર્ટમાં તમે જે માનો છે તેવું નથી.કોર્ટની સ્વતંત્રતા ખતરામાં છે.સુપ્રીમ કોર્ટની કાર્યવાહીમાં ખલેલ પહોચાડવામાં આવી રહી છે. કોર્ટના જજોએ મોંઘમમાં જે ઈશારો કર્યો તેમાં ઘણું બધું સમાયેલું છે.કેટલાક જજો જો આ બધામાં સામેલ ના થયા તો તેમનો યેનકેન પ્રકારે દુન્યવી માયાજાળમાં ફસાવી દેવાનું ચક્કર પણ ચલાવાય છે તેમાં રાજકારણીઓ અને માલેતુજારોનો હિસ્સો છે.તાજેતરમાં સીજેઆઈ રંજન ગોગોઈ સામે એક મહિલા દ્વારા જાતીય સતામણીના આરોપોને કારણે સમગ્ર દેશમાં ખળભળાટ વ્યાપી ગયો છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ છે.ચીફ જસ્ટીસ ગોગોઈ, જસ્ટીસ અરુણ મિશ્રા અન જસ્ટીસ સંજીવ ખન્નાની બેન્ચે કહ્યુ કે ચીફ જસ્ટીસ સામેલના આરોપો પર એક યોગ્ય બેન્ચ સુનાવણી કરશે.

કોર્ટે ઉમેર્યુ કે ન્યાયતંત્રની આઝાદી અત્યંત ગંભીર ખતરામાં છે. આ દરમિયાન સીજેઆઈએ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને તેને આગામી થોડાક અઠવાડીયામાં કેટલાક મહત્વના કેસો પર થનારી સુનાવણીથી તેમને અટકાવવાનો એક પ્રયાસ ગણાવ્યો હતો. કોર્ટમાં આ ખાસ સુનાવણીનું કારણ દર્શાવતાં જસ્ટીસ ગોગોઈએ કહ્યુ કે મે કોર્ટમાં આજે બેસવાનું અસામાન્ય અને અસાધારણ પગલું ભર્યુ છે કેમકે આ તમામ બાબતો ઘણી આગળ વધી ચુકી છે. ન્યાયતંત્રને બલીનો બકરો બનાવી શકાય નહીં.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટીસ ગોગોઈએ કહ્યું કે આરોપોની પાછળ કોઈ તાકાત હશે, જે સીજેઆઈ કચેરીને નિષ્ક્રિય કરી દેવા માંગે છે. તેઓ આગામી અઠવાડીયે અનેક મહત્વપુર્ણ કેસોમાં સુનાવણી કરવાના છે. અને આ તે કેસોમાં સુનાવણીથી રોકવાનો પ્રયાસ છે. જસ્ટીસ ગોગોઈએ કહ્યુ કે સ્વતંત્ર ન્યાયતંત્રને અસ્થિર કરવાનું એક મોટું કાવતરુ કરાયું છે. જોકે દ્રઢ વ્યક્ત કર્યો હતો કે હું આ ખુરશી પર બેસીસ અનો કોઈપણ ડર વગર પોતાના કર્તવ્ય પુર્ણ કરતો રહીશે. પોતાના સામેના આરોપોને પાયાવિહોણા ગણાવી સીજેઆઈએ કહ્યુ કે આ અવિશ્વસનીય છે મને લાગતું નથી કે આ આક્ષેપોને નકારવા માટે મારે આટલું નીચે ઉતરવું પડશે.આરોપોથી આઘાતગ્રસ્ત જસ્ટીસ ગોગોઈએ ઉમેર્યું હતું કે જ્યુડીશ્યરીમાં ૨૦ વર્ષની નિઃસ્વાર્થ સેવાનું ઈનામ તેમને મળ્યું છે. આટલા વર્ષો પછી પણ તેમના ખાતામાં માત્ર રુ.૬.૮ લાખનું બેલેન્સ છે અને પીએફમાં રુ.૪૦ લાખ છે. મારી સામે કશું જ ન મળ્યું તો મારી સામે આરોપ મુકવા માટે આ મહિલાને ઉભી કરી દેવાઈ છે.સીજેઆઈએ ઉમેર્યુ કે કેટલાક મીડીયા સંસ્થાઓએએક મહિલા દ્વારા મુકવામાં આવેલા આરોપોને પ્રકાશિત કર્યા છે. આ મહિલાનો ઈતિહાસ ગુનાખોરીનો છે અને તે પોતાના ક્રિમિનલ રેકોર્ડને કારણે ચાર દિવસ સુધી જેલમાં રહી છે. મહિલાના વ્યવહાર અંગે તેને પોલીસે ચેતવણી પણ આપી છે.અન્ય બે જજો જસ્ટીસ અરુણ મિશ્રા અને જસ્ટીસ સંજીવ ખન્નાએ મીડીયાને કહ્યુ કે તેઓ જવાબદારી અને સમજથી કામ કરે અને હકીકત ચકાસ્યા વગર મહિલાની ફરિયાદને પ્રકાશિત ન કરે.તેમણે સ્પષ્ટ કર્યુ હતું કે અમેકોઈ ન્યાયિક આદેશ પસાર કરતા નથી પરંતુ જ્યુડીશ્યરીની આઝાદીને સુનિશ્ચિત કરવા માટે જવાબદારીથી કામ કરે. જસ્ટીસ અરુણ મિશ્રાએ કહ્યુ કે ન્યાયિક પધ્ધતિમાં લોકોને વિશ્વાસ જોતાં અમે તમામ જ્યુડીશ્યરીની આઝાદી અંગે ચિંતિતિ છીએ.આ પ્રકારના અનૈતિક આરોપોને કારણે ન્યાયપાલિકા પરથી લોકોનો વિશ્વાસ ડગમગી જશે.

સીજેઆઈ આગામી દિવસોમાં મહત્વના કેસોની સુનાવણી કરવાના છે. જેમાં રાહુલ ગાંધી સામે અવમાનની અરજી, પીએમ મોદીના બાયોપિકની રીલીઝની સાથે સાથે તામિલનાડુમાં મતદારોને કથિત રીતે લાંચ આપવાને કારણે ત્યાં ચુંટણી સ્થગિત કરતી માંગણી ધરાવતી અરજીઓ પર સુનાવણી કરશે.બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાએ સીજેઆઈ રંજન ગોગોઈ સામેના જાતીય સતાવણીના આરોપોને ખોટા અને પાયાવિહોણા ગણાવી તેની ટીકા કરી છે. તેણે કહ્યુ છે કે સમગ્ર બાર સીજેઆઈની સાથે છે અને સંસ્થાની છબી ખરડવાના આ પ્રયાસની વિરુધ્ધમાં છે.બીસીઆઈના ચેરપર્સન મનન મિશ્રાએ કહ્યુ છે કે આ પ્રકારના આરોપો અને કૃત્યોને પ્રોત્સાહિત કરવા જોઈએ નહીં.બાર કાઉન્સીલની ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી છે. આ મામલે એક દરખાસ્ત પસાર કરાશે.

ચીફ જસ્ટીસ ગોગોઈએ કહયુ કે એક જજ પાસે પ્રતિષ્ઠા જ એકમાત્ર વસ્તુ હોય છે અને જો જાતીય સતાવણી જેવા પાયાવિહોણા આરોપોને કારણે તેના પર જ હુમલો થશે તો કોઈપણ સમજદાર વ્યક્તિ જજનો હોદ્દો સ્વીકારવા તૈયાર થશે નહીં.જો આવી બાબતો થશે તો કોઈપણ જજ કેસો પર સુનાવણી નહીં કરે. તે કહેશે કે હું શુ કરવા નક્કી કરું.પછી હું આવીશ અને કેસોને મોકુફ કરીશ. કોઈ સમજદાર વ્યક્તિ જજ શુ કરવા બનશે ? આ મહિલા સામે એફઆઈઆર હોવાથી તે સુપ્રીમ કોર્ટનો સ્ટાફ કેવી રીતે બની શકે.

જ્યારે જે મહિલાએ સીજેઆઈ ઉપર આરોપો મુક્યા છે તેણીએ પોતાની એફીડેવીટકમાં જણાવ્યુ છે કે તેની સાથે કથિત બે રીતે થયેલી સતાવણીનું વર્ણન કર્યુ છે.તેનો આક્ષેપ છે કે જાતીય તરફેણને તાબે ન થતાં તેને નોકરીમાંથી કાઢી મુકાઈ હતી. તેનો દાવો હતો કે તેના પતિ અને બનેવી કે જેઓ પોલીસ કોન્સ્ટેબલ હતા તેમને પણ ૨૦૧૨માં એક કેસમાં સસ્પેન્ડ કરી દેવાયા હતા. એ પછી તેને જસ્ટીસ ગોગોઈની પત્ની સમક્ષ લઈ જવાઈ હતી અને તેમના નિવાસસ્થાને નાક રગડવાનની ફરજ પડાઈ હતી. સુપ્રીમ કોર્ટના ૨૨ જજોને મોકલેલા એક પત્રમાં મહિલાએ ફરીયાદ કરી હતી કે તે સુપ્રીમકોર્ટમાં જુનિયર કોર્ટ આસીસ્ટન્ટ હતી. તે પહલી મે,૨૦૧૪ના રોજ નોકરીમાં જોડાઈ હતી. અને તેને ૨૧ ડિસે.૨૦૧૮ના રોજ નોકરીમાંથી કાઢી મુકાઈ હતી.તેણે જસ્ટીસ ગોગોઈ સામે જાતીય સતાવણીની ફરિયાદ કરી હતી.

એડવોકેટ ઉત્સવ બૈસે ચીફ જસ્ટીસ ગોગોઈને જાતિય શોષણના મામલે ફસાવવાનું ષડયંત્ર રચ્યું છે અને પોતાના દાવા અંગે કોર્ટમાં રિપોર્ટ પણ આપી દીધો છે.જેમાં તેમણે એમ પણ કહ્યું છે કે કેટલાક લોકો જેઓ પોતાના હિસાબથી કોર્ટ પાસે નિર્ણયો કરાવવા માંગે છે.હજુ સુધી સત્ય બહાર આવ્યું નથી પરંતુ જસ્ટીસો પર કોર્ટમાં ભારે દબાણ આવે છે અને તેમને તે મુજબ વર્તવું પડેછે તેવું કંઈક દેખાઈ રહ્યું છે. કોર્ટોના જજો પર રાજકીય દબાણ અંગે આ પહેલા સુપ્રીમના સિનિયર જજોએ પ્રેસ કોન્ફરન્સ પણ કરેલી પરંતુ પાછળથી બધી બાબતો દબાઈ ગઈ. છેલ્લા ચાર થી પાચ વર્ષના ગાળામાં કોર્ટોના જજો પર અને તેમની સ્વતંત્રતા પર તરાપ મરાઈ રહી છે તેવો જજોનો દાવો ખોટો ના હોઈ શકે. રાજકીય સ્તરે અને પૈસાના જોરે કોર્ટોને પોતાના દબાવમાં રાખવા માટં અને નિર્ણયો કરાવવા કેટલા પરબળો જવાબદાર છે તેને બહાર લાવવા જોઈએ.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386




**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

# શ્રીલંકામાં ખ્રિસ્તીઓના ઈસ્ટરના પવિત્ર તહેવારના ટાણે આતંકવાદીઓનો ચર્ચ અને હોટલો પર હુમલો જેમાં ૩૦૦થી વધુ લોકોના મોત અને ઘવાયા



શ્રીલંકામાં ચર્ચો પર થયેલા હુમલાઓ ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચની મસ્જીદમાં થયેલા હુમલાનો બદલો લેવા માટે કરાયો છે તેવો આતંકવાદી સંગઠને દાવો કર્યો હતો.ઈસ્ટર સન્ડેના રોજ શ્રીલંકામાં થયેલા આત્મઘાતી આતંકવાદી હુમલામાં ૩૦૦ જેટલા વ્યક્તિઓના મોત નિપજયા હતા અને તેટલાજ ઘાયલ થયા હતા તેવા સમાચારો આવ્યા હતા.

પ્રારંભિક તપાસમાં એવું જાણવા મળ્યુ હતું કે ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટ ચર્ચ ખાતે માર્ચ મહિનામાં મસ્જીદ પર થયેલા હુમલાનો બદલો લેવા માટે શ્રીલંકાના ચર્ચો પર હુમલો કરાયો હતો. ૧૫મી માર્ચે ક્રાઈસ્ટ ચર્ચની બે મસ્જીદ પર એક ઓસ્ટ્રેલિયન નાગરિકે કરેલા હુમલામાં ૫૦ મુસ્લીમોના મોત નિપજયા હતા.બીજી બાજું ખુંખાર આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટે શ્રીલંકાના હુમલાની જવાબદારી સ્વીકારી હતી.હુમલામાં મૃતકોની સંખ્યામાં પોલીસ પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે મોતનો આંક ૩૦૦ વટાવી ગયો હતો.અને આ હુમલામાં ૫૦૦થી વધુને ઈજા પહોચી હતી.આતંકવાદી હુમલાના સંદર્ભમાં ૪૦ કરતાં વધુ શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી.ભારતના વિદેશમંત્રી ના જણાવ્યા મુજબ આ આતંકી હુમલામાં ૧૦ ભારતીયોના મોત નિપજયા હતા.

ઈસ્લામિક સ્ટેટની એક એજન્સી દ્વારા કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે શ્રીલંકામાં જે વિવિધ સ્થળે હુમલા કરવામાં આવ્યા તે ઈસ્લામિક સ્ટેટના ફાઈટર્સ દ્વારા કરવામાં આવ્યા છે. જો તેના નક્કર પુરાવા આપવામાં આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે શ્રીલંકામાં ઈસ્ટર સન્ડેના રોજ થયેલા આતંકવાદી હુમલામાં પ્રારંભિક તપાસ દરમિયાન ઈસ્લામિક સ્ટેટની સંડોવણીના સંકેતો પ્રાપ્ત થયા છે.આ બાબતે કેટલીક તસવીરો જારી કરાઈ છે જે આત્મઘાતી હુમલાખોર જણાવાયા હતા. આ ત્રણ આત્મઘાતી હુમલાખોરોમાં અબુલ બાર્યા, અલ મુખ્તાર અને અબુ ઉબૈદાનો સમાવેશ થાય છે.

ઈસ્ટર સન્ડેના દિવસે થયેલા આત્મઘાતી આતંકી હુમલાને કારણે દેશમાં ઈમરજન્સી ની જાહેરાત કરવામાં આવી હતી અને દેશભરની સરકારી કચેરીઓ પર અડધી કાઠીએ રાષ્ટ્રધ્વજ લહેરાવીને મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરાઈ હતી.

શ્રીલંકામાં થયેલા આઠ સિરીયલ બ્લાસ્ટમાં ઈસ્લામિક જુથના સાત આત્મઘાતી બોમ્બરો હોવાનું મનાય છે.બોમ્બ ધડાકાઓ બાદ હાથ ધરાયેલી તપાસમાં આખા શહેરને નેસ્તનાબદુ કરવાનું હોય તેટલી માત્રામાં ૮૭ ડેટોનેટર્સ મળી આવ્યા હતા. પેટ્ટાહ વિસ્તારમાં સેન્ટ્રલ કોલંબો બસ સ્ટેશને આ તમામ ડેટોનેટર્સ મળી આવ્યા હતા.અન્ય એક સ્થળેથી જમીન પર મુકાયેલા ૧૨ બોમ્બ ડેટોનેટર્સ મળી આવ્યા હતા.આ દર્શાવે છે કે આતંકીઓ વધુ બોમ્બ ધડાકાઓ કરવાના હતા.સરકારી પ્રવક્તાએ જણાવ્યુ હતું કે નેશનલ તાવહીદ જમાત નામના એક સ્થાનિક ઈસ્લામિક કટ્ટરપંથી જુથે આ બ્લાસ્ટનું કાવતરુ ઘડ્યું હોવાની શંકા છે.

ઈસ્ટર સન્ડે ના આતંકી બોમ્બ બ્લાસ્ટ પછી તપાસ કરી રહેલા સુરક્ષાના ઘેરા વચ્ચે કોલંબોમાં એક ચર્ચ નજીક કારમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો જેમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.બોમ્બ નાશક ટુકડી બોમ્બનો નાશ કરી રહી હતી ત્યારે આ ભયાનક વિસ્ફોટ થયો હતો. અને કાર આગની જવાળામાં લપેટાઈ ગઈ હતી.નજીકમાં પાર્ક કરેલી કેટલીક કારોના ફુરચેફુરચા ઉડી ગયા હતા. ઈસ્ટર સન્ડેના દિવસે થયેલા હુમલામાં ભારતના જેડીએસના ૪ નેતાઓ સહીત ૬ ભારતીયોના મોત નિપજયા હતા.કર્ણાટકના મુખ્યમંત્રી કુમારસ્વામીએ જણાવ્યા મુજબ જેડીએસના ૭ નેતા કોલંબો ગયા હતા અને હોટેલ શાંગ્રીલામાં ઉતર્યા હતા. જ્યાં તેઓ આતંકી હુમલાનો ભોગ બન્યા હતા. બે લોકો લાપત્તા બન્યા છે જેમની શોધખોળ ચાલું છે.

# જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઇએ

જગતની દરેક વ્યક્તિને બીજા કરતાં શ્રેષ્ઠ બનવું છે. દરેક વ્યક્તિને શ્રેષ્ઠ વસ્તુની જ અપેક્ષા રહેતી હોય છે.આપણે ગુલાબના બગીચામાંથી પણ શ્રેષ્ઠ ફુલ શોધીને જ ચુંટીએ છીએ. આપણી જીવન જરુરીયાતની પણ વસ્તુઓ જે સારામાં સારી હોય તે પસંદ કરતાં હોઈએ છીએ. એનો અર્થ એ થાય છે કે, દરેકને જે શ્રેષ્ઠ છે એ જ ગમે છે.ધારો કે બધુ જ શ્રેષ્ઠ હોય તો એમાંથી જે સર્વશ્રેષ્ઠ હોય, એ મેળવવાનો પ્રયત્ન કરતાં હોઈએ છીએ. કોઈને ખરાબ થવું કે, ખરાબ વસ્તુ ક્યારેય ગમતી નથી.એમાંથી જ એક બીજો પ્રશ્ન પણ ઊભો થાય છે. જે શ્રેષ્ઠ છે, એ તો શ્રેષ્ઠ જ રહે છે. સોનું તો સોનું જ રહેશે, એ પિત્તળ બનેશે નહીં.સિંહ તો સિંહ જ રહેવાનો,એ કુતરો થઈ જશે નહી.આખરે, આપણે પણ સર્વશ્રેષ્ઠ આરાધના કરનારા લોકો છીએ.એવું જ થવું કરવું જોઈએ.જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઈએ. આપણે જાણીએ છીએ કે માણસ એક પ્રાણી છે,પણ એ બધા પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ ગણાય છે.એનું કારણ એ જ છે કે માણસ બુધ્ધિજીવી પ્રાણી છે.શ્રેષ્ઠ હોવાની પરંપરા સતત ચાલતી જ રહે છે. બુધ્ધિશાળીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. એ બધામાં સર્વશ્રેષ્ઠ તો બ્રહ્મજ્ઞાની છે એવું પણ કહેવાયું છે.

સર્વશ્રેષ્ઠ - સર્વી -વિ(સં) બધું, સઘળું, સર્વશ્રેષ્ઠ -સર્વીમાં શ્રેષ્ઠ એવો અર્થ થાય છે. વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ધન ક્યુ ? તો નીતિશતમાં આવે છે કે' વિદ્યાધન' એ સર્વશ્રેષ્ઠ ધન છે,અન્ય ધન તો આવે ને જાય, પણ વિદ્યાધનમાં ક્યારેય ઘટ આવતી નથી, એ વાપરો એ પ્રમાણે વધતું જ રહે છે.જે સમાજ સર્વશ્રેષ્ઠ વિદ્વાનોનો આદર સત્કાર કરતો નથી, એ નગુણો ગણાય છે. સત્તા કે પદ તો આજે છે,કાલે નહી હોય, પણ જે સર્વશ્રેષ્ઠ છે, એ માણસની વિદ્વતા છે. વિદ્વાનોનું કામ માર્ગ ચીંધવાનું છે. જે જ્ઞાની છે એ શ્રેષ્ઠ છે.જ્ઞાનીઓમાં પણ જે આચરણ કરનાર, તે સર્વશ્રેષ્ઠ છે.માણસની શ્રેષ્ઠ વૃત્તિ જ એને સર્વશ્રેષ્ઠ બનાવતી હોય છે.આપણી દાનત જ ખારા ટોપરા જેવી હોય તો સર્વશ્રેષ્ઠતા ક્યાંથી પ્રાપ્ત થવાની છે ?જે માત્ર ઉપદેશ આપે છે અને આચરણ કરતો નથી એનો સમાજ સ્વીકાર કરતો નથી.એ એની જાતને ભલે સર્વશ્રેષ્ઠ માનતો હોય, પણ એનો અસ્વીકાર જ થતો હોય છે.જે માણસ ઉપદેશ આપતો નથી, પણ પોતાના કાર્યમાં જ રચ્યોપચ્યો રહે છે. જે સાચા અર્થમાં જે માને છે એનું આચરણ કરે છે એ જ સર્વશ્રેષ્ઠ ગણાય છે.

ગુરુ એ આપણા માટે સર્વશ્રેષ્ઠ છે.એની બરાબરી કરી શકે એવું કોઈ જ નથી.જેની ઉંચાઈની તોલે કોઈ આવી શકે નહી.એ બધામાં સર્વશ્રેષ્ઠ કહેવાય.આપણે ત્યાં પણ જે ઉત્તમોત્તમ હોય એની જ પુજા થતી હોય છે.પણ જ્યારે શ્રેષ્ઠતાનું અપમાન થતુ હોય ત્યારે આપણે ને ભારોભાર દુઃખ થતુ હોય છે.શ્રેષ્ઠ વ્યક્તિની નીચ વ્યક્તિઓના ત્યાં કાર્યની નિયુક્તિ, સારા સારા અનુરાગના કાર્યોમાં આસક્તિ,દુર્જનો સાથેનો સહવાસ એ બધાનું ખુબજ દુઃખ થાય છે.જ્યાં શ્રેષ્ઠતાનું અપમાન થતું હોય, જ્યાં તે ધુળમાં રગદોળાતી હોય ત્યાં માણસને એનું દુઃખ થાય એ સહજ છે. સાચો માણસ તો એ છે કે જે બીજા માટે મરી ફીટે છે. બીજાના ભલા માટે જે પોતાના પ્રાણની આહુતિ આપે છે. એના પાળીયા પુજાય છે.બીજાનું પડાવી લેવાની દાનતવાળા ક્યારે શ્રેષ્ઠ કે સર્વશ્રેષ્ઠ બની શકતા નથી.સર્વશ્રેષ્ઠ વૃત્તિ જ માનવને માનવ બનાવે છે. કવિ સુંદરમે તો કહ્યું છે :' હું માનવી માનવ થાઈ તો ઘણું ' ભાઈ, તમારે જે બનવું હોય તે બનજો, પણ પ્રથમ માનવ તો બનો. તમો માનવ બનો એ જ તમારી સર્વશ્રેષ્ઠતા છે.

આપણને શ્રેષ્ઠ-અશ્રેષ્ઠના ભેદની પણ સમજ હોવી જોઈએ. ક્યારેક એવું બને કે , જે મારા માટે શ્રેષ્ઠ હોય એ બીજા માટે ન પણ હોય. હું જે જગતમાં સર્વશ્રેષ્ઠ માનતો હોઉ, એ બીજા માટે શક્ય ન બનતું હોય, પણ જે સૌને સ્વીકાર્ય હોય એ શ્રેષ્ઠતાની અહીં આપણે વાત કરીએ છીએ.શાંતિથી મોટો કોઈ ભાઈ નથી.સત્યથી આગળ કોઈ તપ નથી.મોક્ષથી વધીને કોઈ લોભ નથી.આ બધાંજ પોતપોતાના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ છે.એની તુલનામાં બીજું કશું જ આવી શકતું નથી.માણસને મનની શાંતિ હોય, જીવને કોઈ ઉચાટ ન હોય, એનાથી સર્વોત્તમ બીજું શું હોઈ શકે ?સત્યથી અધિક તપ ક્યું હોઈ શકે?અનેક પ્રકારના લોભ-લાલચો હોય છે એમાં મોક્ષના લોભની તોલે શું આવી શકે ?મુર્ખ માણસો પથ્થરના ટુકડારુપી હીરાને રત્નસંજ્ઞાથી ઓળખે છે. પથ્થરનો ટુકડો એ શ્રેષ્ઠ નથી. એ ખાઈ કે પી શકતો નથી.પણ ઉત્તમ વિચારો,ઉત્તમ જળ, અને ઉત્તમ અન્નથી જ માણસ જીવી શકે છે. જે જીવન આપીને ટકાવે છે એનાથી સર્વશ્રેષ્ઠ બીજુ શું હોઈ શકે ?નદીનું પાણી વહેતું હોય તો શ્રેષ્ઠ છે.એ જ રીતે આપણા જીવનનું પણ છે. સૌમાં શ્રેષ્ઠ શું હોઈ શકે ?સંસ્કૃતમાં કોઈએ કહ્યું છે કે ઉપકાર કરવો સૌથી મોટો ધર્મ છે.કર્મદક્ષતા સૌથી મોટો અર્થ છે.સુપાત્રને દાન કરવું એ સૌથી મોટી તૃપ્તિ છે. અને વૈરાગ્ય સૌથી મોટી મુક્તિ છે.આ બધીજ બાબતો સર્વશ્રેષ્ઠ છે.આપણા પર જે અપકાર કરે, એના પ્રત્યે પણ ઉપકારની ભાવના રાખવી એ સર્વશ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગણાય છે. એ જ માણસ તરીકે આપણો સાચો ધર્મ છે.

માણસ કે સંસ્થાને ઓળખીને, સુપાત્ર છે કે કુપાત્ર છે,એનો ભેદ પારખીને દાન કરવામાં આવે તો એ યોગ્ય રીતે વપરાય છે.આ શ્રેષ્ઠતા જ માણસને ઉચ્ચ આસને બેસાડતી હોય છે.શ્રેષ્ઠ હોવું અને શ્રેષ્ઠ હોવાનો દંભ કરવો એ બે બાબતો અલગ છે.કોઈના માટે કંઈ કરીએ એમાં ભારોભાર નમ્રતા હોવી જોઈએ. જે માણસનો ડાબો હાથ દાન કરે, અને જમણાને ખબર ના પડે, એ સર્વશ્રેષ્ઠ કહેવાય.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## જાણવા જેવું !

લુધિયાણામાં રહેતા એક નેપાળી ગુરખાએ મરતા પહેલા તેની અંતિમ ઈચ્છામાં જાહેર કરેલું કે એના મરણ બાદ એના શરીર પર એક બાટલી દારુ રેડવામાં આવે તેમજ તેની સ્મશાનયાત્રામાં આવેલાને દારુ પીવડાવવામાં આવે.

ચંદીગઢમાં અગીયાર સ્થળોએ બ્લુરંગની ટપાલ પેટીઓ રાખવામાં આવી છે. આ પેટીઓમાં માત્ર પોલીસ વિશે ફરિયાદો નાખી શકાય તેવી સગવડ છે.

પાત્રીસ વર્ષનો બોડી બિલ્ડર પ્રકાશ કોયડેએ ચાર વખત મિસ્ટર ઈન્ડીયાનું ખિતાબ જીતેલો તેના બાવડાનું માપ એકવીસ ઈંચ હતું.

હાલ,ભારતમાં સાઈઠ વર્ષથી વધારે ઉમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# ખુદના કુકર્મો છુપાવવા હિટલરે સૈનિકોની શહાદતની આડશ લીધી હતી

## આખરી રેડિયો પ્રજાજોગ સંદેશમાં હિટલરે પોતાની ફકીરી જતાવતાં કહ્યુ કે તેને દેશ સિવાય બીજી કોઇ ઝંખના નથી.

એક મિત્ર ઈતિહાસના અભ્યાસું છે, તેમનું અડગપણે માનવું છે કે જર્મનીનો સરમુખત્યાર હિટલરે જન્મીને પ્રથમ વખત રડ્યો હતો તે રુદન પણ જુઠ્ઠાણું હતું !તેમનો દાવો છે કે હિટલર જેવો જુઠ્ઠો,ક્રુર અને હલકટ રાજકારણી આજ દિવસ સુધી જન્મ્યો નથી.આ દાવામાં વજુદ હોય કે ના હોય પણ આજે આપણે બીજા વિશ્વયુધ્ધના સર્જક ૮.૫ કરોડ લોકોના મોતના સોદાગર દૈત્યરાજ એડોલ્ફ હિટલર અંગે વાત કરીશું.એપ્રીલ ૨૦,૧૮૮૯ માં જર્મનીના પડોશી દેસ ઓસ્ટ્રીયામાં જન્મેલા હિટલરે ધર્મ-વંશવાદના ઝનુનમાં જુઠાણા અને જોહુકમીના જોરે અડધી દુનિયાને ખતમ કરી નાંખી.પછી એપ્રીલ ૩૦,૧૯૪૫ના દિવસે તેણે બર્લિનના એક બંકરમાં પોતાના દેશને ભડકે બળતો મુકીને કાયરની જેમ આત્મહત્યા કરી લીધી.હિટલરનું સૌથી મોટું હથિયાર જુઠ હતું.તે હળાહળ જુઠાણાઓ ફેલાવીને લોકોને સાચા મુદ્દાઓથી દુર ગેરમાર્ગે દોરીને પોતાના કુકર્મોને સાચા ઠેરવીને સત્તામાં આવ્યો હતો.હિટલરની જુઠાણા ફેલાવવાની કુટેવ તેના મૃત્યુ સુધી છુટી નહોતી. તે એટલી હદે જુઠુ બોલતો કે તેને ખુદને પોતના જુઠાણા સાચા લાગવા માંડતા. છેલ્લા શ્વાસ સુધી તેણે પોતાને` દુનિયાનોએક અવ્વલ દેશપ્રેમી નો દરજ્જો આપીને એવું જુઠ્ઠાણું પીવડાવ્યુ હતું.

હિટલરને મુઠ્ઠીઓ ઉગામીને, ઝનુનપુર્વક ભાષણો કરવાનો શોખ હતો. તે ભાષણોમાં બેફામ ધાર્મિક,વંશવાદી ઝેર ફેલાવતો, રાષ્ટ્રવાદ અને આર્થિક વિકાસના નામે જુઠ્ઠાણાઓ ફેલાવતો, સભાની સામે જ્યારે તેને ગાંડા આખલાની જેમ ગાંગરવાનો મોકો ના મળતો ત્યારે તે રેડીયોના માધ્યમથી રાષ્ટ્રજોગ પ્રવચનો કરીને જર્મનીના નાગરિકોને જુઠ્ઠાણાનો ડોઝ નિયમિત પીવડાવતો.તેણે છેલ્લું રાષ્ટ્રજોગ રેડિયો સંબોધન જાન્યુઆરી ૩૦,૧૯૪૫ના રોજ કર્યુ હતું. જેના થોડાજ મહિનાઓ બાદ તે આપઘાત કરીને છુટી જવાનો હતો. આ એ ચસમય હતો જ્યારે જર્મનીનો પરાજય નક્કી થઇ ગયો હતો.

અમેરિકા,બ્રિટન,ફ્રાંસ અને રશિયા જેવા મિત્રદેશોના લશ્કરો છેક બર્લિન સુધી પહોચવાની અણીએ હતા.હિટલરના ભક્ત જર્મન નાઝીઓને પણ તેમના દેશની આટલી ખુવારી જોયા બાદ પછી ખબર પડી ગઇ હતી કે હિટલરે દેશ અને દુનિયાની બરબાદી સિવાય કંઇ ઉકાળ્યું નથી.હિટલરના તમામ જુઠ્ઠાણાઓ પાછળનું વરવું સત્ય તેના ભક્તો સમજી ચુક્યા હતા.અને ખરા ઉંદરોની જેમ આકાને છોડીને સુરક્ષિત સ્થળે ભાગવા માંડ્યા હતા.

હિટલર ખુદ સૌથી મોટો ઊંદર હતો તે જાણી ગયો હતો કે તેણે દેશનું નિકંદન કાઢી નાંખ્યું છે.અને દુનિયાની ઘોર ખોદતા ખોદતા તેણે પોતાની ઘોર પણ ખોદી નાંખી છે. આ અસત્યનો બેતાજ બાદશાહ બર્લિનના કોઇ બંકરમાં સુરક્ષિત ભરાઇ બેઠો હતો.આ બંકરમાંથી કરેલા તેના છેલ્લા પ્રજાજોગ સંદેશની શરુખાતમાં તેણે કહ્યુ કે તેની આગળનો નેતા(રીડ પ્રેસિડેન્ટ ફિલ્ડ માર્શલ પોલ વોન હિન્ડનબર્ગ)દેશને અત્યંત દારુણ પરિસ્થિતિમાં છોડી ગયો હતો.મને જ્યારે સત્તા સોપવામાં આવી ત્યારે જર્મનીની આંતરિક પરિસ્થિતિ ખુબ ખરાબ હતી. સિત્તેર લાખ લોકો બેરોજગાર હતા.સિત્તેર લાખ લોકો પાર્ટ ટાઇમ મજુર હતા.ખેતી,બંદરો,



અને ઔધ્યોગિક એકમો ખતમ થઇ ગયા હતા.પોતાના પુર્વગામી કેટલો નબળો હતો અને તેણે દેશના અર્થતંત્રને કેટલું બરબાદ કરી નાંખ્યુ હતું તે ગણાવ્યા બાદ તેણે જાણે કે એકલા હાથે પોતે કેવી મહાન સિધ્ધિઓ હાંસલ કરી તે ગણાવી. મારા હાથમાં સત્તા આવ્યા પછી માત્ર છ વર્ષમાં જર્મનીએ મહામાનવની તાકાતે સફળતાઓ મેળવી.આપણી સમૃધ્ધિ જોઇને નપુંસક પાડોશી દેશોને પણ અદેખાઇ આવવા માંડી. તેણે આખાય ભાષણ દરમિયાન યહુદીઓને અને મધ્ય એશીયાઇ બોલ્શેવિકોને ગાળો ભાંડી.હકિકત એ હતી કે હિટલરે જર્મનીને એક યુધ્ધખોર દેશ બનાવી દીધો હતો. તેણે યુધ્ધલક્ષી વિકાસનું લોહી તરસ્યું સપનું સાકાર કરવામાં આખાયે દેશને ધંધે લગાડીને જર્મનીને યુધ્ધની આગમાં હોમી દીધું હતું. હિટલરના વિકાસની વાતો એ પાડોશી દેશોએ અદેખાઇમાં જર્મની સાથે યુધ્ધ આદર્યું એ સદંતર જુઠ્ઠાણું હતું.

એ પછી હિટલરે તેના સંબોધનમાં રાષ્ટ્રવાદની જુઠ્ઠી સુનામી લાવી દેખાડી.આપણા રાષ્ટ્રની રચના મહાશક્તિશાળી પ્રભુએ કરી છે. આપણે પ્રભુની એ રચનાની રક્ષા કરી રહ્યા છીએ. એ કાર્યમાં આપણને ખુબ કઠણાઈઓનો સામનો કરવાનું આવ્યું છે.આપણે ઘણું વેઠવું પણ પડી રહ્યું છે. જો કે એ જ વિષમતાઓ આપણને વધુ કર્તવ્યનિષ્ઠ બનાવે છે. અને વધારે આત્મબળ પુરુ પાડે છે. જે રાષ્ટ્ર માટે આ યુધ્ધ લડશે એ પોતાના અને તેના પરિવારજનોનાં જીવનની રક્ષા કરશે. જે લોકો ચારિત્ર્યહિન છે, જે લોકો રાષ્ટ્રદ્રોહી છે, એ કાયરો શરમનાક મોતે મરશે.હકિકત એ હતી કે થોડા મહિનાઓ પછી હિટલર આપઘાત કરીને પોતેજ શરમનાક મોતે મર્યો હતો.સૌથી કાયર અને સૌથી મોટો દેશદ્રોહી હિટલર પોતે હતો. પછી તેણે લોકોની સહાનુભુતિ જગાવવા તેના જીવ પર કેટલું જોખમ છે એ ગણાવ્યુ અને કહ્યુ કે મારા પર હમણાં જ એક હુમલો થયો. મારાથી અડધો મીટર જ દુર બોંબ ફટ્યો. એમાં હું બાલ બાલ બચ્યો. પછી તેણે કહ્યુ કે હું એક અજાણ્યા, સામાન્ય માણસમાંથી મહેનત કરીને સફળ માણસ બન્યો છું.મહાન વિજેતા બન્યો છું.અને છેલ્લી ક્ષણ સુધી હું વિજેતા રહીશ.

હિટલરે ગાંગરીને ફકીરી જતાવી કે પ્રભુએ આ રાષ્ટ્રને ઉગારવાની જવાબદારી મને સોપી છે. કારણકે મને આ દેશ સિવાય કોઇ અન્ય ઝંખનાઓ નથી. મને ખાતરી છે કે આવા નિર્લેપ ભાવે રાષ્ટ્ર માટે કામ કરતાં વ્યક્તિને પ્રભુ હંમેશા મદદ કરશે. અંતે બંકરમાં ભરાઈને બેઠેલા આ ઉંદરે પોતાની સેના લડે રાખે અને તે બંકરમાં સુરક્ષિત રહી શકે તે માટે સરહદ પર લડી રહેલા જર્મન સૈનિકોની શહાદતની આડશ લીધી. મારા સાથી સૈનિકો, જે શહિદોએ રાષ્ટ્ર માટે જીવ દીધો છે તેમની કબર પર આપણે વિજયના પુષ્પગુચ્છ ચઢાવી શકીએ એ માટે તમને હું હાકલ કરુ છું કે તમે ઝઝુમવાનું ચાલુ રાખજો !

સરહદે મરી ફીટેલા સૈનિકોના નામની આગળ માનભેર શહિદ લાગે છે અને આ સૈનિકોના બલિદાનની આડશે સત્તાની ભુખ મિટાવવાની મેલી મંશા રાખતા હિટલરના નામની આગળ ‘નરાધમ’, ‘નાલાયક’ અને ‘કાયર ઊંદર’ જેવા શરમજનક ખિતાબ લાગે છે એ સ્થાપિત હકીકત છે. (લેખક : સૌમિત્ર ત્રિવેદી ,સૌ.ન.ગુ.સ)

### જાણવા જેવું !

ફ્રાંસના વિલિયમ પોસ્ટલના ૧૨૦ વર્ષની ઉંમરે મુછના વાળ કાળા હતા.યુનાનના વૈદ ગેલન ૧૪૦ વર્ષ જીવ્યા હતાય

ડેમન્ડની એક અમીરજાદી ૧૪૦ વર્ષ જીવી હતી.ત્રણ વખત પડી ગયેલા દાંત પાછા આવ્યા હતા.

હાલ,ભારતમાં સાઇઠ વર્ષથી વધારે ઉંમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગનવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૭૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.